# પાટીદારોએ હાર્દિક પટેલનું પણ માન્યું નહીં અને રેલી યોજી

**છેવટે પાટીદારોના જુસ્સા આગળ ઝૂંકી હાર્દિક પટેલને પણ પાટીદાર અનામત રેલીમાં જોડાવવાની ફરજ પડી : પાટીદારોનો ઉત્સાહ ચરમસીમાએ**



અમદાવાદ, તા.૨૫

હાર્દિક પટેલે આજે તેમના જોશીલા ભાષણમાં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને પણ છોડ્યા ન હતા. જોકે પાટીદારોની આ મહાસભામાં સંકલનનો અભાવ પણ સ્પષ્ટ દેખાઈ આવ્યો હતો. એક તરફ હાર્દિક પટેલે મહાસભામાં ઉપસ્થિત પાટીદારોને એમ કહ્યું હતું કે અમદાવાદ જિલ્લા કલેકટર ખુદ આવીને આવેદનપત્ર સ્વીકારવાના હોવાથી આપણે રેલી કાઢવાની નથી. બીજી તરફ તેમણે થોડીજ ક્ષણોમાં મુખ્યમંત્રી આનંદીબેન પટેલ ખુદ આવીને આવેદનપત્ર સ્વીકારે તેવી જાહેરાત કરી હતી. અને જયાં સુધી તેઓ અહી અનશન કરશે તેમ છતાં પાટીદારોએ હાર્દિકનું સાંભળ્યુ ન હતું અને કલેકટર કચેરી સુધી રેલી યોજી હતી જેમાં છેવટે ખુદ હાર્દિક પટેલને પણ જોડાવું પડ્યું હતું અને કલેકટર કચેરીએ દેખાવ કર્યા બાદ પાછા જીએમડીસી ગ્રાઉન્ડ આવીને અનશજ શરૂ કર્યું હતું.

# વહેલી સવારથી જીએમડીસી ગ્રાઉન્ડ ખીચોખીચ ભરાયું



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

## પાટીદાર રેલીનું માઈક્રો પ્લાનિંગ : રેલીમાં જોડાયેલ લાખો લોકોનું ભોજન પૂરૂ પાડવાથી લઈને રહેવાની જડબેસલાક વ્યવસ્થા : ૭૦ લાખથી વધુ પાણીના પાઉચનું વિતરણ કરાયું

અમદાવાદ,તા. ૨૫

અમદાવાદ શહેરના પાટીદારના શક્તિપ્રદર્શનમાં આજે લાખો લોકો ઉમટી પડ્યા હતા. વહેલી સવારથી લોકો પહોચવા લાગ્યા હતા.પાટીદાર સમુદાયના લોકો અનામતને લઈને ખુબ મક્કમ રહ્યા હતા. રાજ્યના જુદા જુદા ભાગોમાંથી આ મહારેલીમાં ભાગ લેવા માટે લાખોની સંખ્યામાં લોકો પહોંચી ગયા હતા. લાખો લોકો પહોંચનાર હોવાથી સમગ્ર રેલીમાં વ્યવસ્થાપન જાળવી રાખવા જોરદાર આયોજન કરવામાં આવ્યું હતુ. જીએમડીસી રેલી માટેના આખા રૂટ ઉપર ૪૦થી વધુ પાણીની પરબ રાખવામાં આવી હતી. જીએમડીસી ગ્રાઉન્ડ પર સભાના સ્થળે ૨૫ લાખ અને રેલીમાં ૬૦-૭૦ લાખ પાણીના પાઉચની વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી.

પાટીદારો માટે રહેવા, જમવા અને પાર્કીંગની પૂર્ણ વ્યવસ્થા પહેલાથી જ કરી લેવામાં આવી હતી. ૫૦થી વધુ પાર્ટી પ્લોટ બુક કરી દેવાયા હતા. બિલ્ડરોએ પણ પોતાની સ્કિમોના ઘણા ફ્લેટ ખોલી દીધા હતા. બીજીબાજુ તંત્ર દ્વારા પણ તમામ પગલા લેવામાં આવ્યા હતા. જીએમડીસી ગ્રાઉન્ડને ૬૦ બ્લોકમાં વિભાજીત કરીને તૈયારી હાથ ધરવામાં આવી હતી.

# પાટીદાર રેલીની સાથે સાથે

- શક્તિપ્રદર્શનમાં આજે લાખો લોકો ઉમટી પડ્યા
- જીએમડીસી રેલી માટેના આખા રૂટ ઉપર ૪૦થી વધુ પાણીની પરબ રાખવામાં આવી હતી
- પાટીદાર સમુદાયના લોકો લડાયક મૂડમાં દેખાઈ રહ્યા છે
- આનંદીબેન સરકારે સતત રેલીને લઈને નજર રાખી
- મુખ્યમંત્રી આનંદીબેન પટેલ, પ્રધાનો સાથે સતત ચર્ચામાં રહ્યા
- બંધારણને બદલી નાંખવા માટે પણ અપીલ કરવામાં આવી
- આજની રેલમાં મોટાભાગે યુવાનો પહોંચી ગયા
- ગુજરાતના જુદા જુદા ભાગોમાં પણ રેલીઓ જારી રહી
- ૧૦૦ મીટરની દોડ નથી બલ્કે આ મેરેથોન દોડ છે
- અનામત નહી મળે તો આંચકી લેવામાં આવશે તેવી પ્રક્રિયા હાર્દિક પટેલે આપી
- મોદી સરકાર અને ગુજરાત સરકાર પર હાર્દિક પટેલના પ્રહારો
- ગુજરાતમાં પાટીદારને ન્યાય માટે આંદોલન ચાલી રહ્યુ છે
- લેઉવા અને કડવા પટેલ એક થઈને સાથે પહોંચ્યા
- કેટલાક લોકો પટેલની તાકાતને તોડવા માટે ઈચ્છુક છે
- સંગઠન શક્તિને તોડવા માટે કેટલાક લોકો સક્રિય થયા છે
- આંદોલન લાંબુ ચાલે તેવી પણ શક્યતા
- જો ત્રાસવાદીઓ માટે અડધી રાત્રે સુપ્રીમ કોર્ટ ખુલે તો દેશના યુવાનો માટે કેમ નહી
- હાર્દિક પટેલે એક કલાકથી વધુ સમય સુધી સંબોધન કર્યું
- રેલી દરમિયાન ૭૦ લાખ જેટલા પાણીના પાઉચનું સ્વંય સેવકો દ્વારા વિતરણ કરાયું હતું.

# અમદાવાદમાં સજ્જડ બંધ



અમદાવાદ,તા. ૨૫

અમદાવાદમાં આજે પાટીદાર અનામતની માંગને લઈ મહાસભા-મહારેલીનું આયોજન કરવામાં આવ્યું હતું જેના કારણે હંમેશા લોકોની ભીડ અને ઉદ્યોગ ધંધાધી ધમધમતુ ગુજરાતનું આર્થિક પાટનગર સમુ અમદાવાદ થંભી ગયું હતું. પાટીદાર સમાજે મહારેલીના પગલે આજે અમદાવાદ બંધનું એલાન આપ્યું હતું જેની વ્યાપક અસર શહેરમાં જોવા મળી હતી. ખાસ કરીને જીએમડીસી આજુબાજુના વિસ્તારોમાં જડબેસલાક બંધ પાળવામાં આવ્યો હતો. ઘાટલોડિયા, વસ્ત્રાપુર, નવરંગપુરા, વાડજ, થલતેજ, બોડકદેવ, સેટેલાઈટ, મેમનગર, નારણપુરા, જોધપુર સહિતના વિસ્તારોમાં બંધની વ્યાપક અસર જોવા મળી હતી. આ ઉપરાંત આજે પાટીદાર મહારેલીના પગલે શહેરની મોટાભાગની શાળા કોલેજો પણ બંધ રાખવામાં આવી હતી. કેટલીક શાળા કોલેજો ચાલુ હતી જો કે, તેમાં વિદ્યાર્થીઓની ગેરહાજરી હતી. ઉપરાંત રેલીના સમર્થનમાં સિંધિ સમાજ સહિતના લોકોએ તેમના માર્ગે બંધ રાખ્યા હતા જ્યારે પાટીદારોએ આજે તમામ કામધંધા તેમજ નોકરી ઉપરના કામનો બહિષ્કાર કરી રેલીમાં જોડાયા હતા. લોકોએ પણ આજે મહારેલીના પગલે અત્યંત જરૂરી સંજોગોને બાદ કરતા ઘરની બહાર નિકળવાનું ટાળ્યું હતું.



## મારવાવાળા કરતાં બચાવવાવાળો હજાર હાથનો હોય છે

કુદરત કેટલીક વખત એવી સ્થિતિ અને સંજોગો સર્જી નાંખે છે કે, ભલભલા પથ્થર દિલના લોકોનું હૈયું પણ હચમચી જતું હોય છે. આવી જ ઘટના કંઈક પાલનપુર તાલુકાના વાસણ (ધા) ગામે બની છે. ખેતરમાં રહેતા મહેશજી લક્ષ્મણજી ઠાકોરના મકાનમાં ખિસકોલીએ માળો બનાવી ત્રણ બચ્ચાને જન્મ આપ્યો હતો. જોકે અઠવાડીયા અગાઉ બિલાડીએ આ ત્રણ બચ્ચાની માતા એવી ખિસકોલીને મારી નાખતાં બિચારા બચ્ચા નોંધારા બની ગયા હતા. જો કે મારવાવાળા કરતાં બચાવવાવાળો હજાર હાથનો હોય છે. તેમ ઠાકોર પરિવારના બાળકો ભારતીબેન, છાયાબેન, ગોપાલજી અને રાહુલજીએ આ ત્રણેય બચ્ચાની ઉછેરની જવાબદારી ઉપાડી લીધી છે. સવાર-સાંજ દરરોજ તેમને ગાયનું દૂધ પીવડાવવામાં આવે છે. રહેવા માટે પાંજરામાં સુંદર માળો બનાવી આપ્યો છે. બચ્ચા પણ પરિવારજનો સાથે હળી મળી ગયા છે.

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

# ભિલોડા ડેપો મેનેજરને મુસાફરો વિદ્યાર્થીઓએ આવેદનપત્ર અપાયું

ભિલોડા,તા.૨૫

અરવલ્લી જીલ્લાના હિંમતનગર ડિવીઝનના ભિલોડા એસ.ટી.ડેપો ધ્વારા ભિલોડા થી કિશનગઢ વાયા ચિંતામણી મંદીર રૂટની એસ.ટી.બસ સેવા અનિયમીયત હોવાના સંદર્ભે હોવાના કારણે અંતરીયાળ ડુંગરાળ વિસ્તારના પ્રજાજનોન ભારે હાલાકીઓ ભોગવવી પડતી હોય છે. પ્રાઈવેટ વાહન ચાલકો મન ફાવે તેમ ધોળા દિવસે ઉઘાડી લુંટ ચલાવી ભાડા વસુલ કરતા હોય છે. ભિલોડા એસ.ટી.બસ ડેપો ધ્વારા ભિલોડા થી



વિદ્યાર્થીઓ, મુસાફરો,કિશનગઢ, ઘાંટી, ખલવાડ, વેજપુર, માંકરોડા સહિત વિવિધ ગામના અગ્રણીઓ જાગૃત ગ્રામજનો અને મુસાફરો ધ્વારા ભિલોડા એસ.ટી.ડેપો મેનેજર,અનિલભાઈ બી.પરમારને આવેદનપત્ર અપાયું હતું.

ભિલોડા તાલુકાના ઘાંટી ગામના સામાજીક, સેવાભાવી કાર્યકર રાજેન્દ્રભાઈ કાંતીલાલ પારઘી, દિનેશભાઈ મોડીયા, સુરેશભાઈ લટા, શાળા, કોલેજના વિદ્યાર્થીઓ, મુસાફરો અને જાગૃત પ્રજાજનોએ જણાવ્યું હતું કે, ભિલોડા એસ.ટી.ડેપો ધ્વારા ભિલોડાથી કિશનગઢ વાયા ચિંતામણી મંદીર રૂટની એસ.ટી.બસ અનિયમીત કિશનગઢ વાયા ચિંતામણી રૂટની એસ.ટી.બસ સેવા દરરોજ સવારે ૯:૦૦ વાગ્યે અને સાંજે ૫:૩૦ કલાકે નિયમીત મોકલવામાં આવે તો ભિલોડા એસ.ટી.ડેપો અને જી.એસ.આર.ટી.સી.ની આવકમાં પણ વધારો થઈ શકે તેમ છે સાથે-સાથે આ વિસ્તારના મુસાફરો અને પ્રજાજનોને એસ.ટી.બસ સેવાનો લાભ સરળતાથી મળી શકે તેમ છે.

કિશનગઢ અને ઘાંટી ગામના મુસાફરોએ જણાવ્યું હતું કે ભિલોડા એસ.ટી.ડેપો ધ્વારા કિશનગઢ,ચિંતામણી,વેજપુર,ઘાંટી,ખલવાડ રૂટની એસ.ટી.બસ સેવા સત્વરે નિયમીત નહી આપવામાં આવે તેવી પ્રજાજનોની પ્રબળ લોકમાંગણી છે.

## છેડો ફાડવાની જાહેરાત

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

હતી. મહાસભા પહેલા જ સ્ટેજ ઉપર બેસવાને લઈને પણ હાર્દિક અને લાલજી વચ્ચે મતભેદો સર્જાયા હતા. લાલજી પટેલને સ્ટેજ ઉપર સ્થાન ન અપાતા તેમના સમર્થકોએ હોબાળો મચાવ્યો હતો. જો કે, બાદમી લાલજી પટેલને સ્ટેજ ઉપર બોલાવી મામલો ઠાળે પડાયો હતો પરંતુ સમગ્ર મહાસભાનું કન્ટ્રોલ હાર્દિક પટેલે પોતાની પાસે રાખ્યું હતું તેમજ લાલજી પટેલને સ્ટેજ ઉપર બોલવાની પણ તક અપાઈ ન હતી. ત્યારબાદ હાર્દિક પટેલે ભુખ હડતાળની જાહેરાત કરતા તાત્કાલિક લાલજી પટેલે પ્રેસ કોન્ફરન્સ યોજીને હાર્દિક સાથે પોતે સહમત ન હોવાનું જણાવ્યું હતું. લાલજી પટેલે જણાવ્યું હતું કે, હાર્દિક સરકાર વિરોધી નિવેદનો કરી રહ્યો છે તેની સાથે સરદાર પટેલ ગ્રુપને કોઈ લેવા દેવા નથી. આ હાર્દિકના અંગત મંતવ્યો છે.લાલજી પટેલે હાર્દિકનું નામ લીધા વિના જણાવ્યું હતું કે, અમારુ આંદોલન પાટીદાર અનાતમની માંગ સાથનું છે નહીં કે કોઈ સરકાર વિરોધનું. તો પછી આવા આંદોલનમાં રાજકીય પક્ષ કે પાર્ટી વિરુદ્ધ ઉચ્ચારણો થવા જોઈએ નહીં. સાથે જ લાલજી પટેલે અત્યાર સુધી યોજાયેલી રેલીઓ પૈકી ૯૦ ટકા રેલીઓ સરદાર પટેલ ગ્રુપે યોજી હોવાનો દાવો કરી જણાવ્યું હતું કે, અમારુ આંદોલન અત્યાર સુધી ગાંધી ચિંધ્યા માર્ગે આગળ વધ્યું છે. ઉલ્લેખનીય છે કે, અગાઉ પણ હાર્દિક પટેલ અને લાલજી પટેલ વચ્ચે મતભેદો જોવા મળ્યા હતા. જો કે, પાછળથી સમાધાન થઈ ગયું હતું. જો કે હવે બંને વચ્ચેના મતભેદો ખુલીને સામે આવી ગયા છે.

## જનજીવન પ્રભાવિત

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

જયારે નગરની કેટલીક શાળાઓ પણ બંધ રહેતા વાલીઓએ પણ વિદ્યાર્થીઓને શાળાઓએ મોકલવાનુ મુનાસીબ માન્યુ ન હતુ. જયારે મોટાભાગની શાળાઓમાં વિદ્યાર્થીઓની પાંખી હાજરી જોવા મળી હતી શાળાઓમાંથી કેટલાક શિક્ષકો પણ અનામત રેલીમાં જોડાયા હોવાથી શિક્ષકો તેમજ વિદ્યાથીઓની પુરતી હાજરીનો અભાવ વર્તાયો હતો. તો નગરના ઘણાંખરા વેપારીઓ પણ પાટીદાર આંદોલનમાં જોડાતા ધંધા રોજગારક્ષેત્રે પણ અસર જોવા મળી હતી. અમદાવાદમાં પાટીદારોની મહારેલીના લીધે ગાંધીનગરનુ જનજીવન પ્રભાવિત રહયુ હતુ. જયારે ગાંધીનગર અમદાવાદ વચ્ચે ના રૂટમાં પણ વિશેષ અવર જવર જોવા મળી ન હતી.

## બસો ખાલીખમ દોડી

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

સમયગાળામાં એસ ટી બસોમાં માત્ર ૧૦ટકા જ મુસાફરોએ અવરજવર કરી હતી. જયારે અપડાઉન કરતા નોકરીયાત તેમજ વિદ્યાર્થીવર્ગે અપડાઉન કરવાનુ ટાળ્યુ હતુ. જેના પરિણામે એસ ટી તંત્રએ પણ આવકમાં આર્થિક ફટકો સહન કરવાનો વારો આવ્યો હતો. બીજીતરફ ગાંધીનગર અમદાવાદ વચ્ચે દાડતી શટલિયા સર્વિસ પણ બંધ રાખવાનો આદેશ કરવામાં આવ્યો હોવાથી નગરમાં વાહનવ્યવહાર પણ રેલીના લીધે પ્રભાવિત થયો હતો. એસ ટી ની ખાલી દોડતી બસોની સાથે ખાનગી વાહનોની અવર જવર પણ ઓછી જોવા મળી હતી. જો કે સાંજના સમયે જનજીવન થોડુ ધબકતુ જોવા મળ્યુ હતુ.

## મહેરામણની હેલી

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

તેજાબી ભાષણ આપતાં સરકાર સામે સીધો પડકાર ફેંકાયો હતો કે, અમારી માંગણી નહીં સ્વીકારો તો અમે કમલ ખીલવા નહી દઈશું અને તેમણે સભામાં હાજર જનમેદનીને પણ સામે સૂધો પડકાર અપીલ કરી હતી કે, પાટીદારને અનામત નહીં મળે તો અમે કમલને ઉખાડીને ફેંકી દેજો. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, અમે ભીખ નથી માંગતા પરંતુ અમારો હક્ક માંગીએ છીએ. બે હજાર લોકોથી શરૂ થયેલા આંદોલનમાં આજે ગુજરાતના ૫૦ લાખ લોકો જોડાયા છે. ગુજરાતમાં ૧ કરોડ ૭૦ લાખ પાટીદારો છે. આ તમામ પાટીદારોની માંગણી એક જ છે કે અમારા સંતાનોને તેમની યોગ્યતા પ્રમાણે અભ્યાસમાં સ્થાન મળવું જોઈએ અને નોકરીઓમાં પણ સ્થાન મળવું જોઈએ.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં જે પાટીદારોના હિતની વાત કરશે તે જ અહી શાસન કરી શકશે. અમને આન, બાન, શાનથી અમારા હક્ક આપો અને તમે પણ શાનથી શાસન કરો. ગરીબોને હક્ક નથી મળતો ત્યારે જ નકસલવાદ અને આંતકવાદ પેદા થાય છે. અમને અમારો હક્ક નહીં મળે તો અમને ઝુંટવતા પણ આવડે છે. અમારે ઓબીસીના ક્વોટામાં કાપ મૂકી અનામત નથી જોઈતું.પરંતુ અનામતની ટકાવારી વધારવી જોઈએ. સભાસ્થળે એકત્ર થયેલા પાટીદારોના તાળીયાના ગડગડાટ અને ચીચીયારીઓ વચ્ચે હાર્દિક પટેલે તેમના પાટીદાર અંદાજમાં કહ્યું હતું કે, એક આતંકવાદી માટે સુપ્રીમ કોર્ટ રાત્રે ખુલી શકતી હોય તો પાટીદાર સમાજ માટે બંધારણમાં પણ ફેરફાર કેમ ના થઈ શકે સમગ્ર દેશમાં પાટીદારોની સંખ્યા ૨૭ કરોડથી પણ વધુ છે અને અમારા ૧૭૦થી પણ વધુ સાંસદો છે. આપણી તાકાત આપણે બતાવવી પડશે અને આપણો હક્ક કોઈ પણ ભોગે મેળવવો પડશે તેમ પણ તેમણે જણાવ્યું હતું.

આ ઉપરાંત હાર્દિક પટેલે સભામાં લાખોની સંખ્યામાં એકત્ર થયેલા પાટીદારોનો જૂસ્સો વધારતા કહ્યું કે, આજનો ૨૫મી ઓગસ્ટનો દિવસ પાટીદારોના ઈતિહાસમાં ક્રાતિ દિવસ તરીકે ઉજવાશે અને તેના માટે આપણે સતત ક્રાંતિ કરવી પડશે અને આપણા હક્ક માટે લડાઈ લડતાં રહેવું પડશે. હાર્દિક પટેલના આ સૂચનને પાટીદારોએ જોશભેર ચીચીયારી તથા તાળીઓના ગડગડાટથી વધાવી લીધું હતું. દરમિયાન બીજી તરફ, મુખ્યમંત્રી આનંદીબેન પટેલે આજે તેમના દિલ્હી પ્રવાસ સહિત તમામ કાર્યક્રરો રદ કરી મુખ્યમંત્રીના સત્તાવાર નિવાસસ્થાને પાટીદાર અનામત રેલીનું મોનીટરીંગ કર્યું હતું અને તેઓ આ રેલીના સંદર્ભમાં વડાપ્રધાન સાથે પણ સંપર્કમાં રહ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. જ્યારે બીજી તરફ લાખોની સંખ્યામાં પાટીદારો ઉમટી પડતા અમદાવાદમાં મીની ગુજરાતનું દ્રશ્ય સર્જાયું હતું. પાટીદારોએ જય સરદાર, જય પાટીદારના ગગનભેદી નારાઓથી વાતાવરણ ગજવી મૂક્યું હતું. ચારે તરફથી અમદાવાદમાં પાટીદાર યુવાનોએ સરદાર ટોપી ધારણ કરી ચહેરા પર સરદાર પટેલના માસ્ક પહેર્યા હતા. આ અભૂતપૂર્વ રેલીમાં પાટીદારોનો ઉત્સાહ નજરે ચઢ્યો હતો.

જીએમડીસીમાં લાખોની સંખ્યામાં માનવ મહેરામણ ઉમટ્યા છેવટે પોલીસે બાકીના લોકોને જીએમડીસીથી બહાર જ રોકી રાખ્યા હતા. જીએમડીસીના લગભગ ૨ થી ૩ કિલોમીટરના વિસ્તારમાં રેલીના આયોજકોના ભાષણ સાંભળવા માટે દુર-દુર સુધી લાઉડસ્પીકરો ગોઠવવામાં આવ્યા હતા. અમદાવાદમાં મોટાભાગના રાજમાર્ગો પર આજ સવારથી જ ટ્રાફિકજામ જેવી સ્થિતિ સર્જાઈ હતી અને પાટીદારો બસો, લકઝરી બસો, ટ્રકો, ટેમ્પો, ખાનગી વાહનો છકડા વગેરે જે કાંઈ મળ્યું તેમાં બેસી સભા સ્થળે આવ્યા હોવાથી રિવરફ્રન્ટ સહિતના વિસ્તારોમાં પાર્ક થયેલા વાહનોનો મોટો કાફલો જોવા મળ્યો હતો. પાટીદાર આંદોલનને લઈને ગઈરાતથી જ હજારોની સંખ્યામાં પોલીસ, હોમગાર્ડ, અર્ધલશ્કરી દળો, આરપીએફના જવાનો વગેરે બંદોબસ્તમાં તૈનાત કરવામાં આવ્યા હતા.

## કંપની સમાચાર

### વિશિષ્ટ કલ્યાણ જ્વેલર્સ ગોલ્ડ રાખી સાથે આ રક્ષાબંધન પર સુવર્ણ બંધન

રક્ષાબંધન નજીકમાં છે ત્યારે ભારતની ભરોસાપાત્ર અને અવ્વલ જ્વેલરી બ્રાન્ડ કલ્યાણ જ્વેલર્સે આજે સોનામાં રાખીઓની વિશિષ્ટ શ્રેણીની



રજૂઆત કરવાની જાહેરાત કરી છે. દેશના અમુક ઉત્કૃષ્ટ કળાકારીગરો દ્વારા બારીકાઈથી કળાકારીગરી કરેલી આ ગોલ્ડ રાખીઓ બહેનો અને ભાઈઓના વિશેષ બંધન દ્વારા પ્રેરિત છે અને સુરક્ષા, વહાલ અને સંભાળના વચનનું પ્રતિક છે. આ રાખીઓની કિંમત રૂ. ૪૦૦૦ અને રૂ. ૧૦,૦૦૦ છે અને ગુજરાત, પંજાબ, મહારાષ્ટ્ર અને નવી દિલ્હીમાં સર્વ કલ્યાણ જ્વેલર્સ શોરૂમમાં મળશે.

### કનેક્ટ ઈન્ડિયા દ્વારા ભારતમાં લાસ્ટ માઈલ ડીસ્ટ્રીબ્યુશન સર્વિસીસનો પ્રારંભ

કનેક્ટ ઈન્ડિયા (સીઆઈ) દ્વારા મણિપાલ ગ્લોબલ એજ્યુકેશનના ચેરમેન શ્રી ટી.વી. મોહનદાસની હાજરીમાં દેશમાં તેમની સર્વિસીસનો પ્રારંભ કર્યો છે. આ પ્રસંગે એવોર્ડ વિજેતા પાશ્વગાયક-કમ્પોઝર શ્રી શંકર મહાદેવને શ્રોતાઓને કનેક્ટ ઈન્ડિયા ચળવળ અંગે રચેલું ગીત ગાઈને રોમાંચિત કર્યા હતા. આ પ્રસંગે સુપ્રસિદ્ધ ગીતકાર સમીર પાંડે અને કનેક્ટ ઈન્ડિયા ગાનના કમ્પોઝર શ્રી સુરેશ પીટર હાજર રહ્યા હતા.

નવતર પ્રકારના લોજીસ્ટીક્સ સોલ્યુશન્સના ક્ષેત્રે ૩૫ વર્ષથી વધુ અનુભવ ધરાવતા પીઢ વ્યક્તિ શ્રી એલ.આર. શ્રીધર દ્વારા સ્થપાયેલ કનેક્ટ ઈન્ડિયાનો ઉદ્દેશ ૨૫,૦૦૦થી વધુ પીનકોડ, તમામ પેટ્રો, દસ લાખથી વધારે વસ્તી ધરાવતા શહેરો અને ૮ હજારથી વધુ નાના શહેરો તેમજ પાંચ લાખ જેટલા ગામોમાં પહોચીને ભારમતાં મજબૂત લાસ્ટ માઈલ ડીલીવરી નેટવર્ક સ્થાપવાનો છે.

## વિચારોનાં મધુવન (ચોથા પાનાનું ચાલુ...)

લાભકારક લાગતી પ્રવૃત્તિ નકામી બની જાય છે. દિવસનાં ૬ થી ૮ કલાક કામના સ્થળે વિતાવવાનાં હોય ત્યારે કેટલાક વ્યક્તિઓ કાં તો રસ ખોઈ બેસે છે કાં તો નોકરી ખોઈ બેસે છે. જો આ બંને ન હોય તો પછી માણસ મશીન બનીને કામને બળદની જેમ ખેંચે રાખતો હોય છે. કામના સ્થળે આવતી માનસીક અવસ્થાઓ જેમકે, નિરાશા, ભય, ઈર્ષા, શરમ, ચિંતા, સંતોષ, પ્રેમ, સમાનુભૂતિ, પ્રસન્નતા થાય છે. ૧૨ અધ્યાયમાં આવતા ભક્ત (સહૃદયી) નાં લક્ષણો એ હકીકતે દરેક સ્થિતીનાં કાર્યસ્થળ માટે ઉપયોગી છે.

● જે કોઈનો ઉદ્વેગ કરતો નથી. (દરેકને તેની લાયકાત પ્રમાણે અર્થપ્રાપ્તિ કે કોઈ પણ સફળતા મળે છે, આપણે ઉદ્વેગ ન કરતા તેની સફળતામાંથી કંઈક શીખવું જોઈએ.) ● બીજાથી ઉદ્વેગ પામતો નથી. ● અદેખાઈ,ભયથી મુક્ત છે. (અદેખાઈ એ આપણી નબળાઈને વ્યક્ત કરે છે, ભય જરૂરી છે પણ અજ્ઞાનતામાંથી આવતો ભય નકામો છે.) ● આકાંક્ષા વિનાનો, નિર્મળ, ચતુર, પક્ષપાત વિનાનો ● દુખોથી મુક્તિ પામેલો, વિચાર, વચન, કર્મના કર્તાપણાનો ત્યાગી (૧૨,૧૫,૧૬)

## ટેન્ડર કમ જાહેર હરાજી

આ નિગમ હસ્તકની મારૂતિ એસ્ટીમ પેટ્રોલ + સી.એન.જી. મોડેલ-૨૦૦૨, ગાડી નં. જીજે - ૧૮ - એએ- ૦૭૧૧ જે સ્થિતિમાં છે તે જ સ્થિતિમાં જાહેર હરાજીથી તા. ૧૦/૯/૨૦૧૫ના રોજ નિકાલ કરવાનો હોઈ હરાજીમાં ભાગ લેનાર ઈસમોએ શરતોની માહિતી આ નિગમમાં કચેરી સમય દરમિયાન તા. ૭/૯/૨૦૧૫ થી તા. ૧૦/૯/૨૦૧૫ના બપોરે ૧૨-૦૦ સુધીમાં મેળવી ટેન્ડર રજી.પોસ્ટ એ.ડી.થી અથવા રૂબરૂમાં તા. ૧૦/૯/૨૦૧૫ બપોરના ૧૨-૦૦ વાગ્યા સુધીમાં મળે તેવી રીતે આ કચેરીમાં મોકલવાના રહેશે.

હરાજી શરૂ થતાં પહેલા રૂપિયા ૧૫૦૦/- ડીપોઝીટ ડીમાન્ડ ડ્રાફટથી ભરનાર હરાજીમાં ભાગ લઈ શકશે. હરાજીનો આખરી નિર્ણય આ નિગમને રહેશે.

**કચેરીનું સરનામું :-**
**ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ,**
**બ્લોક નં. ૧૧, બીજો માળ,**
**ડો. જીવરાજ મહેતા ભવન,**
**સેક્ટર-૧૦, ગાંધીનગર**

**સહી/-**
**મેનેજીંગ ડીરેક્ટર**
**ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ**
**ગાંધીનગર**

માહિતી/૧૨૫૮/૨૦૧૫-૧૬

## જાહેર નિવિદા

આયોજન પ્રભાગ હસ્તકની મારૂતી એસ્ટીમ કાર નં. જીજે / ૧૮ /જી / ૧૪૪૯, મોડલ - ૨૦૦૨, જ્યાં છે ત્યાં અને જેવીછે તેવી હાલતમાં જાહેર હરાજીથી વેચવાની છે. ગાડી તા. ૪/૯/૨૦૧૫ના રોજ કચેરી સમયમાં સંપર્ક કરવાથી બ્લોક નં. ૭, નવા સચિવાલય, ગાંધીનગરની સામે જોઈ શકાશે. ભાવપત્રકો તા. ૧૫/૯/૨૦૧૫ સુધીમાં ઓફીસ સમયમાં સીલબંધ કવરમાં રજી.એ.ડી.થી કવર ઉપર 'વાહન વેચાણના ભાવ' એમ દર્શાવીને નીચેના સરનામે મળે, તેમ મોકલવાના રહેશે. સીલબંધ કવરમાં મળેલ ભાવપત્રકો તા. ૧૬/૯/૨૦૧૫ના રોજ બપોરે ૧૫.૦૦ કલાકે ખોલવામાં આવશે. મહત્તમ ભાવપત્રક સ્વીકારવું કે કેમ તેની સત્તા સક્ષમ અધિકારીને રહેશે. જે પાર્ટીનું ભાવપત્રક સ્વીકારવામાં આવશે તે પાર્ટીએ દર્શાવેલ ભાવપત્રક મુજબની રકમ તથા નિયમોનુસાર વાણિજ્યવેરો ભરવાનો રહેશે. ગાડીની તળિયાની કિંમત રૂ. ૪૨,૦૦૦/- છે.

**એન. ટી. ભટાણા**
**સેક્શન અધિકારી / ય.૨ શાખ**
**સામાન્ય વહીવટ વિભાગ (આયોજન)**
**બ્લોક નં.૭, ૪થો માળ,**
**નવા સચિવાલય, ગાંધીનગર**

**માહિતી/૧૨૫૦/૨૦૧૫-૧૬**